For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વાઘોડિયા રોડ એલએન્ડટી નોલેજ સિટીની સામે આવેલી શ્રી સ્વામિનારાયણ પાર્ક સોસાયટીના રહીશોના સૂત્રોચ્ચાર

# સહજાનંદ ગ્રૂપના બિલ્ડરે રહીશોની જાણ બહાર મકાનો પર લોન લઈ મોર્ગેજ કરી દીધા

**છેતરપિંડી** કરી હોવાના આક્ષેપ સાથે શ્રી સ્વામિનારાયણ પાર્ક સોસાયટીના રહીશોએ બાપોદ પોલીસ મથકે રજૂઆત કરી



(પ્રતિનિધિ) વડોદરા,તા.31

વડોદરાના વાઘોડિયા રોડ એલએન્ડટી નોલેજ સિટીની સામે આવેલી શ્રી સ્વામિનારાયણ પાર્ક સોસાયટીના રહીશોએ સહજાનંદ બિલ્ડર ગ્રુપ સામે છેતરપિંડી કરી હોવાના આક્ષેપ સાથે ગુરુવારે મોડીરાત્રે બાપોદ પોલીસ મથક ખાતે પહોંચી સૂત્રોચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો.

શ્રી સ્વામિનારાયણ પાર્ક સોસાયટીના રહીશોએ આક્ષેપ સાથે જણાવ્યું હતું કે અમને અંધારામાં રાખવામાં આવ્યા છે. કામગીરી અધૂરી છે અને અમારી જાણ બહાર મકાનો પર લોન લઈ મકાનો મોર્ગેજ કરી દીધા છે. અમારા જરૂરી દસ્તાવેજો અમને આપવામાં આવ્યા નથી અમારી જાણ વિના અમારા મકાનો મોર્ગેજ કરી દીધા છે , લોન લીધી છે . મેન્ટેનન્સ ના રૂપિયા પણ પરત આપ્યા નથી. એનઓસી આપી નથી અમારા ફોન પણ તે રિસીવ કરતો નથી. અમારી સોસાયટીમાં કુલ 188 મકાનો છે. મકાનોની પણ તૂટેલી ફૂટેલી હાલત થઈ છે. લોન લીધા બાદ આ મોર્ગેજ થયેલા મકાનો અમને વેચી માર્યા છે. એ પણ અમારી જાણ બહાર. અમે અમારા મકાનોની લોન તો ભરી જ રહ્યા છીએ. તેમ છતાં બીજી બેંકો વાળા અમારી પર નોટિસ આપી રહ્યા છે. એમાં અમારો શું વાંક છે? આમાં જે બિલ્ડર છેતરપિંડી કરી છે. એનો ન્યાય અમને જોઈએ છે . એના માટે અમે બાપોદ પોલીસમાં આવ્યા હતા અને રજૂઆત કરી છે.

જ્યારે અન્ય એક રહીશે જણાવ્યું હતું કે, સહજાનંદ બિલ્ડર ગ્રુપના બિલ્ડર અમારા ફોન નથી ઉપાડતા. કામગીરી પણ અધુરી છે અમારું મેન્ટેનન્સનું ફંડ છે. એ પણ દબાવીને બેઠા છે. અમને પરત આપ્યું નથી. પ્રાથમિક સુવિધાઓ નો પણ અભાવ છે. સ્થાનિક રહીશો ખૂબ જ તકલીફ ભોગવી રહ્યા છે. 188 કુલ મકાનો છે જેમાંથી 97 મકાનો ઉપર જાણ વિના લોન લઈ લીધી છે અને મકાનો મોર્ગેજ કરી દીધા છે અને લોનની ભરપાઈ પણ કરી નથી. જેથી જેમાંથી એણે લોન લીધેલી છે. તે બેંક દ્વારા અમને નોટિસ મોકલવામાં આવી છે અને મકાન સીલ કરવાની ધમકી આપેલી છે. ક્લબ હાઉસ કોમન એરીયા બધી જ વસ્તુઓ પર લોન લઈ લીધી છે. આ મામલે અમે બાપોદ પોલીસ મથક ખાતે રજૂઆત કરી છે.

જ્ઞાતિગત આધારિત બદલીથી અંદરો અંદર ઉકળતો ચારુ

# રાજ્ય વેરાના અધિકારીઓની બદલીમાં જ્ઞાતિ આધારિત પ્રાધાન્ય?

**નાણાં** વિભાગના વહિવટી નિયંત્રણ હેઠળના રાજ્ય વેરા વિભાગમાં બદલીઓમાં કોકને ગોળ તો કોકને ખોળ જેવી સ્થિતિ

**ચોક્કસ** જ્ઞાતિઓની બદલી થયાની ચર્ચાએ પકડ્યું જોર

(પ્રતિનિધિ) વડોદરા તા. 31

ગુજરાત સરકારના નાણાં વિભાગના વહિવટી નિયંત્રણ હેઠળના રાજ્યવેરા વિભાગમાં અધિકારીઓની બદલીઓ કરવામાં આવી છે. જેમાં સંયુક્ત રાજ્યવેરા કમિશનર વર્ગ -1, સંવર્ગના અધિકારીઓ,નાયબ રાજ્યવેરા કમિશનર વર્ગ -1સંવર્ગના અધિકારીઓ તેમજ સહાયક રાજ્યવેરા કમિશનર વર્ગ -1સંવર્ગના અધિકારીઓ ની બદલીઓનો હૂકમ કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકારનાં નાણાં વિભાગના વહિવટી નિયંત્રણ હેઠળના રાજ્યવેરા વિભાગમાં અધિકારીઓની બદલીઓ કરવામાં આવી છે આ બદલીઓમાં ચોક્કસ જ્ઞાતિઓની બદલી થયાની ચર્ચાએ જોર પકડયું છે. રાજ્ય વેરાના સંયુક્ત રાજ્યવેરા કમિશનર વર્ગ -1સંવર્ગના અધિકારીઓ,નાયબ રાજ્યવેરા કમિશનર વર્ગ -1સંવર્ગના અધિકારીઓ તથા સહાયક રાજ્યવેરા કમિશનર વર્ગ -1સંવર્ગના અધિકારીઓ ની બદલીઓનો ગંજીફો ચિપાયો છે જેમાં આ બદલીઓ જ્ઞાતિગત આધારે થઈ હોવાની અંદરો અંદર ચર્ચા ઉઠી છે જેના કારણે વિભાગના અધિકારીઓમા ઉકળતા ચરુ જેવી સ્થિતિ જોવા મળી છે અંદરખાને થતી ચર્ચા મુજબ કેટલાક તો બિન અનુભવી છે જેના કારણે આગામી સમયમાં પ્રજાને હેરાન થવાનો વારો આવે તો નવાઇ નહીં. મધ્ય ગુજરાતભરમાં સંયુક્ત રાજ્યવેરા કમિશનર વર્ગ-1,નાયબ રાજ્યવેરા કમિશનર -વર્ગ-1તથા સહાયક રાજ્યવેરા કમિશનર વર્ગ -1સંવર્ગ અધિકારીઓ ની બદલી કરવામાં આવી છે.

## ક્યા અધિકારીની ક્યા બદલી થઈ

| નામ. | વર્તમાન જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| | **સંયુક્ત રાજ્યવેરા કમિશનર વર્ગ -1 સંવર્ગના અધિકારીઓ** | |
| 1.એમ.સી.ઠાકર | સંયુક્ત રાજ્યવેરા વિભાગ -5, કમિશનર (વિવાદ) વડોદરા | સંયુક્ત રાજ્યવેરા કમિશનર (અન્વેષણ) અમદાવાદ |
| 2.એમ.સી.પ્રજાપતિ | સંયુક્ત રાજ્યવેરા કમિશનર, વિભાગ -5, વડોદરા | સંયુક્ત રાજ્યવેરા કમિશનર, વિભાગ -4મહેસાણા |
| 3.એમ.એ.કાવટકર | સંયુક્ત રાજ્યવેરા કમિશનર (અન્વેષણ) મુખ્ય રાજ્યવેરા કમિશનર કચેરી, ગુજરાત રાજ્ય અમદાવાદ | સંયુક્ત રાજ્યવેરા કમિશનર, વિભાગ -5, વડોદરા ખાતે મૂકવામાં આવ્યા છે |
| 4.એમ.એન.દવે | સંયુક્ત રાજ્યવેરા કમિશનર (રિવ્યુ) મુખ્ય રાજ્યવેરા કમિશનર કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ | સંયુક્ત રાજ્યવેરા કમિશનર (વિવાદ) વિભાગ -5, વડોદરા |
| | **નાયબ રાજ્યવેરા કમિશનર વર્ગ -1સંવર્ગના અધિકારીઓઃ-** | |
| 1.એમ.બી.ગઢવી. | નાયબ રાજ્યવેરા કમિશનર (અન્વેષણ) વિભાગ -5, વડોદરા | નાયબ રાજ્યવેરા કમિશનર (ઓડિટ) મુખ્ય રાજ્યવેરા કમિશનર કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ |
| 2.એમ.જે.મોમીન | નાયબ રાજ્યવેરા કમિશનર, વર્તુળ -12, વડોદરા | નાયબ રાજ્યવેરા કમિશનર, વર્તુળ -7, ગાંધીનગર |
| 3.જે.એમ.ઓડેદરા. | નાયબ રાજ્યવેરા કમિશનર (અન્વેષણ) વિભાગ -6 વડોદરા | નાયબ રાજ્યવેરા કમિશનર (કોર્પોરેટ) નાયબ રાજ્યવેરા કમિશનર (કોર્પોરેટ) |
| 3.એસ.જી.બારોટ. | નાયબ રાજ્યવેરા કમિશનર, વર્તુળ -13, નડિયાદ | નાયબ રાજ્યવેરા કમિશનર (અન્વેષણ), વિભાગ -5, વડોદરા |
| 4.આર.પી.વાઘેલા | નાયબ રાજ્યવેરા કમિશનર (અન્વેષણ) વિભાગ -2, અમદાવાદ | નાયબ રાજ્યવેરા કમિશનર (વિવાદ) વર્તુળ -12, વડોદરા |
| 5.બી.એસ.પુરાણી | નાયબ રાજ્યવેરા કમિશનર (વિવાદ), વિભાગ -9 ભાવનગર | નાયબ રાજ્યવેરા કમિશનર (અન્વેષણ) વિભાગ -6, વડોદરા |
| 6.પી.એન.ડામોર | નાયબ રાજ્યવેરા કમિશનર વર્તુળ -3, અમદાવાદ | નાયબ રાજ્યવેરા કમિશનર વર્તુળ -13, નડિયાદ |
| | **સહાયક રાજ્યવેરા કમિશનર વર્ગ -1સંવર્ગના અધિકારીઓઃ-** | |
| 1.એ.પી.પટેલ | સહાયક રાજ્યવેરા કમિશનર (1) ઘટક -55, ભરુચ | સહાયક રાજ્યવેરા કમિશનર (2) ઘટક -44, વડોદરા |
| 2.આર.કે.મુનિયા | સહાયક રાજ્યવેરા કમિશનર ઘટક -89, રાજકોટ | સહાયક રાજ્યવેરા કમિશનર (વહિવટ), વિભાગ -6 વડોદરા |
| 3.શ્રીમતી કે.મંગલમ | સહાયક રાજ્યવેરા કમિશનર (1) ઘટક -73,વાપી | સહાયક રાજ્યવેરા કમિશનર (5) ના.રાજ્યવેરા કમિશનર ની કચેરી (અન્વેષણ), વિભાગ -6, વડોદરા |
| 4.એસ.જે.ગાજપરા | સહાયક રાજ્યવેરા કમિશનર (2) ઘટક -9, અમદાવાદ | સહાયક રાજ્યવેરા કમિશનર ઘટક -41, વડોદરા |
| 5.કે.બી.ગોહિલ | સહાયક રાજ્યવેરા કમિશનર (2) ઘટક -11, અમદાવાદ | સહાયક રાજ્યવેરા કમિશનર (1) ઘટક -50, આણંદ |

ગત વર્ષે પણ કર દરમાં વધારો કરાયો બાદમાં પરત લેવાયો

# આજની સંકલન બેઠકમાં વેરો પરત લેવાની શક્યતા

**સફાઈ** વેરામાં બમણો વધારો, ચૂંટણી પહેલાં શાસકો માટે પડકાર

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વર્ષ 2025-26 માટેનું ડ્રાફ્ટ બજેટ રજૂ થયા બાદ શહેરના નાગરિકો અને કરદાતાઓમાં ચિંતાનો માહોલ છે. ખાસ કરીને સફાઈ વેરામાં બમણો વધારો કરવામાં આવતા ભારે ચર્ચાનો વિષય બન્યો છે. ઓગસ્ટમાં આવેલા પુરમાં નાગરિકોને મોટું નુકસાન વેઠવું પડ્યું હતું, અને તે સમયે સરકાર દ્વારા સહાયની મોટી જાહેરાતો કરાઈ હતી. હવે, જ્યારે નાગરિકો હજુ પણ પુરની પરિસ્થિતિમાંથી બહાર આવી રહ્યા છે, ત્યારે આટલો મોટો કર વધારો તેમને વધુ તકલીફમાં મુકી શકે છે.

ડ્રાફ્ટ બજેટ રજૂ થયા પછી મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની અનેક બેઠકો યોજાઈ રહી છે. ખાસ કરીને સફાઈ વેરામાં થયેલા આ વધારાને લઈને નેતાઓ અને પાલિકાના સભ્યો વચ્ચે ગંભીર ચર્ચા થઈ રહી છે. ગત વર્ષે પણ જ્યારે ડ્રાફ્ટ બજેટમાં કર દરમાં વધારો કરવામાં આવ્યો હતો, ત્યારે પણ સ્થાયી સમિતિમાં ચર્ચાઓ પછી પાલિકાએ નિર્ણય પરત લીધો હતો. આ વર્ષ પણ એવી જ પરિસ્થિતિનું નિર્માણ થશે તેવું માનવામાં આવી રહ્યું છે.


ઉલ્લેખનીય છે કે આ વર્ષમાં મહાનગર પાલિકાની ચૂંટણી યોજાવાની છે. આવા સમયે, સત્તાપક્ષ કોઈ પણ એવા નિર્ણયો લેવાનું ટાળવા ઈચ્છે છે જેનાથી નાગરિકો અસંતોષ અનુભવે. રાજકીય વિશ્લેષકો માને છે કે ચૂંટણી પૂર્વે કર વધારાનો નિર્ણય સત્તાધીશો માટે ઉલટો પડી શકે છે. વિશેષજ્ઞોના મતે, પાલિકા દ્વારા કરદાતાઓ પર વધારાનો બોજ મૂકવાની આ વ્યવસ્થા નાગરિકો માટે મોંઘી પડી શકે છે. જો વેરો પરત નહીં લેવાય, તો સત્તાપક્ષને આગામી ચૂંટણીમાં નાગરિકોની નારાજગીનો સામનો કરવો પડી શકે છે.

આવતીકાલે સાંજે સત્તા પક્ષની સંકલન બેઠક યોજાવાની છે, અને રાજકીય માહોલ જોતા, આશા છે કે સફાઈ વેરાના વધારાને પરત લેવાનો નિર્ણય લેવાશે. અત્રે નોંધનીય છે કે, શહેરના ઘણા વિસ્તારોમાં પહેલેથી જ સફાઈની સમસ્યા ઊભી છે. નાગરિકો માટે વધારાનો વેરો આપવો મુશ્કેલ છે, અને આ મુદ્દે વિપક્ષ દ્વારા પણ સત્તાપક્ષને ઘેરવાના પ્રયાસો શરૂ થઈ ગયા છે. હવે જોવાનું એ રહેશે કે આવતીકાલની બેઠકમાં શુ નિર્ણય લેવાય છે. જો સત્તાપક્ષ વેરો પરત લે છે, તો તે નાગરિકો માટે રાહતના સમાચાર હશે.

આરોગ્ય વિભાગના અધિકારી ડૉ.મુકેશ વૈદ્ય કેમ નામો છાવરે છે?

# ઉત્તરાયણ પૂર્વે લીધેલા ખાદ્ય પદાર્થોના સેમ્પલ રિપોર્ટ હજુ પણ અંધારામાં

**ઊંધિયું,** જલેબી, ચીકીના સેમ્પલ લેવામાં આવ્યા, પણ રિપોર્ટ ક્યારે આવશે?



(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરા કોર્પોરેશનના આરોગ્ય વિભાગની ખોરાક શાખાએ ઉત્તરાયણ પર્વ પહેલા ઊંધિયું, જલેબી અને ચીકી સહિત વિવિધ ખાદ્ય પદાર્થોની તપાસ હાથ ધરી હતી. અલગ-અલગ ફરસાણની દુકાનો અને મીઠાઇ ઉત્પાદકોના કારખાનાઓમાં ચેકિંગ દરમિયાન કેટલાંક નમૂનાઓ લેવામાં આવ્યા હતા. પરંતુ મોટો પ્રશ્ન એ છે કે આ નમૂનાઓના રિપોર્ટ હજુ સુધી જાહેર થયા નથી, જે આરોગ્ય વિભાગની કામગીરી પર સવાલો ઊભા કરે છે.

ઉત્તરાયણ નજીક આવતા જ લોકો ઉંધીયું, જલેબી, ચીકી અને અન્ય તહેવારી ખાવાનું વધુ પ્રમાણમાં ખરીદતા હોય છે. એવામાં નકલી અથવા સબ-સ્ટાન્ડર્ડ ખાદ્ય પદાર્થ વેચાતા હોય તો જનતા માટે જોખમ સર્જાઈ શકે છે. ફૂડ ઈન્સ્પેક્ટરોએ ખ્યાતનામ દુકાનો અને ફેક્ટરીઓમાં પણ ચેકિંગ કરીને નમૂનાઓ એકત્ર કર્યા હતા, પણ સેમ્પલના રિપોર્ટ હજુ બહાર ન આવ્યા હોવાને કારણે એ વસ્તુઓની ગુણવત્તા વિશે આજે પણ અંધારું છે. જો કોઈ પણ નમૂનાઓ નકામી નીકળે તો તે સામગ્રીઓ બજારમાં વેચાઈ ગઈ હશે, જે આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે.

મ્યુનિસિપલ કમિશનર અને અન્ય અધિકારીઓ નાગરિકોના આરોગ્ય માટે ચિંતિત હોવાનું જણાવી કડક સૂચનાઓ આપે છે, પણ નિમિત્તમાત્ર ચેકિંગથી કાંઈ હકીકતમાં સુધારો થતો નથી. ખોરાક શાખા ફક્ત તહેવાર સમયે જ ચેકિંગ હાથ ધરે છે, પરંતુ પરિણામ સુધી પહોંચવાની તેમની ગતિ હંમેશા ધીમી હોય છે. આરોગ્ય વિભાગના અધિકારી મુકેશ વૈદને સંપર્ક કર્યો ત્યારે તેમણે સીધો જવાબ આપવાને બદલે ગોળ ગોળ વાતો કરી, જે શંકાસ્પદ લાગે છે.

જો સેમ્પલ સબ-સ્ટાન્ડર્ડ નીકળશે, અને તે પદાર્થ લોકો ખાઈ ચૂક્યા હશે તો તેના માટે કોણ જવાબદાર ? આવા કિસ્સાઓમાં ફક્ત વેચનાર નહિ, પણ મોડી કામગીરી કરનાર અધિકારીઓને પણ જવાબદાર ઠેરવવા જોઈએ. કારણ કે તેમના નિષ્ઠાહીન વર્તનના કારણે સામાન્ય નાગરિકોને આરોગ્ય સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે ફક્ત ચેકિંગ પૂરતું નથી, પણ ઝડપથી રિપોર્ટ જાહેર કરી, દોષિતો સામે કડક કાર્યવાહી કરવી જરૂરી છે. જો મ્યુનિસિપલ તંત્ર સજાગ રહેશે તો જ નાગરિકો સ્વસ્થ અને સુરક્ષિત રહી શકશે. પરંતુ હાલની સ્થિતિ જોઈ એવું લાગે છે કે આરોગ્ય વિભાગની કાર્યવાહી માત્ર દેખાવ પૂરતી છે!

2024માં 1.75 લાખ વાહનચાલકોને રૂ. 11.82 કરોડનો દંડ ફટકારાયો

# ટ્રાફિકના નિયમોનું પાલન નહી કરનાર 70861 ચાલકો પાસેથી 3.66 કરોડનો દંડ ઉઘરાવાયો

**વર્ષ 2023માં** કરતા 8619 વાહનચાલકો પાસેથી રૂ. 97.61 લાખનો દંડ વસૂલાયો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.31

વન નેશન વન ચલણ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત હવે ટ્રાફિકના નિયમોનું પાલન નહી કરનાર વાહનચાલકો ઈલચણ દ્વારા દંડ ફટકારવામાં આવ્યો છે. જેમાં વર્ષ 2024માં 1.75 લાખ ઈચલણ જનરેટ કરાયા હતા જેમાં 70821 વાહનચલાકો પાસેથી રૂ. 3.66 કરોડનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. જ્યારે ગત વર્ષ પણ 8619 વાહનચાલકો પાસેથી રૂ. 97.61 લાખનો દંડ વસૂલ કરાયો હતો.

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં દોડાવી રહેલા વિવિધ પ્રકારના વાહન ચાલકો દ્વારા ટ્રાફિકના નિયમોનું સરેઆમ ભંગ કરવામાં આવતું હોય છે. ત્યારે વડોદરા શહેરમાં વર્ષ 2023માં વન નેશન વન ચલણનો પાયલોટ પ્રોજેક્ટ લાગુ કરવામાં આવ્યો હતો. જેના કારણે હવે ટ્રાફિકના નિયમોનું પાલન નહી કરે તો દંડ ભરવો જ પડશે. વર્ષ વર્ષ 2023માં વડોદરા ટ્રાફિક પોલીસ દ્વારા 38688 ઈ-ચલણ જનરેટ કર્યા હતા. જેમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વાહનચાલકોને ઓનલાઈન રૂ. 3.76 કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જેમાંથી 8619 વાહનાચાલકો પાસેથી રૂ. 97.61 લાખનો દંડ વસૂલ કરી દેવામાં આવ્યો હતો. તેવી જ રીતે વર્ષ 2024 દરમિયાન ટ્રાફિકના નિયમોનું પાલન નહી કરનાર વાહન ચાલકોને ટ્રાફિક પોલીસ દ્વારા ઓનલાઈન ગત વર્ષ કરતા સાડા ચાર ઘણા એટલે કે 1.75 લાખ ઈચલણ મોકલીને રૂ. 11.82 કરોડનો દંડો કરાયો હતો જેમાંથી 70821 વાહન ચાલકો પાસેથી રૂ. 3.66 કરોડનો દંડ વસૂલ કરી લેવામાં આવ્યો છે. વન નેશન વન ચલણ અંતર્ગત હવે પહેલા લોકો પોસ્ટથી મેમો આવે પરંતુ કોઈ પ્રકારની ચિંતા કરતા ન હતા પરંતુ હવે જો પોલીસે તમારા નામનું ઈ-ચલણ અપલોડ કર્યું હોય તો તમારે દંડ ભરવો જ પડશે. નહીં તો નિયત સમયમાં તમારી સામે નોન કોગ્નિઝેબલ ગુનો પણ દાખલ કરાય છે. ટ્રાફિકના નિયમોનો વધુ ભંગ કરવાના કિસ્સામાં લાઈસન્સ પણ રદ થઈ શકે છે. ઘણા લોકો ઓવરસ્પીડ, રોંગસાઇડ, હેલમેટ વગર તેમજ સિટબેલ્ટ વગર જ ડ્રાઈવિંગ કરે છે ત્યારે અકસ્માતના બનાવો પણ બને છે. ત્યારે આવા વાહનો ચાલકોને સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગયા હોય નંબર પરથી ઈચલણ મોકલવામાં આવે છે.

### વન નેશન વન ચલણ હેઠળ પોલીસે પણ 90 દિવસ બાદ મેમો કોર્ટમાં મોકલવો પડે



વન નેશન વન ચલણ હેઠળ પ્રોજેક્ટ હેઠળ હવે કોઇ વાહન ચાલકો ટ્રાફિકના નિયમનો ભંગ કરશે તો વાહનની નંબર પ્લેટના આધારે વાહન ચાલકોના નામનો ઇ-મેમો આપોઆપ જનરેટ થઇ જશે. સરકાર દ્વારા શરૂ કરાયેલી ઇ-પરિવહન એપ્લીકેશન મારફતે વાહન ચાલકની સામે કેટલા મેમો છે તેની જાણી શકાય છે. જેમાં પોલીસ પણ 90 દિવસ સુધી ઇ ચલણ રાખી શકે છે ત્યારબાદ ચાલક ચલણ નહી ભરે તો જે તે ઇ-કોર્ટમાં મોકલવામાં આવશે. ત્યારબાદ ત્યારબાદ કોર્ટમાં બોલાવીને દંડ ભરાવવામાં આવશે.

# મિલકત વેરા વસૂલાત માટે કડક પગલાં, 300થી વધુ મિલકતો સીલ

**અત્યાર** સુધી 498 કરોડ વસૂલ, બાકીદારોને 31 માર્ચ સુધી 80% વ્યાજમાં માફી અપાઈ



(પ્રતિનિધિ) વડોદરા તા.31

માર્ચ 2025 સુધીમાં કોર્પોરેશન દ્વારા કુલ 724 કરોડ રૂપિયાના વેરા વસૂલનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. હાલ સુધીમાં 498 કરોડ રૂપિયાના વેરા વસૂલ થઈ ચૂક્યા છે. વેરા વસૂલાતમાં ગતિ વધારવા માટે કોર્પોરેશન દ્વારા વિવિધ ઉપાયો અપનાવવામાં આવી રહ્યા છે.

કોર્પોરેશન દ્વારા 31 માર્ચ 2025 સુધી વસુલાત વધારવા જે મિલકતોના બાકી વેરા છે તેના માટે 80% વ્યાજ માફી યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજના હેઠળ રહેણાંક તેમજ કોમર્શિયલ મિલકતોના વેરા પર લાગતા વ્યાજમાં મોટી છૂટછાટ આપવામાં આવી છે. આ ઓફરનો લાભ ઉઠાવી લોકો પોતાનો બાકી વેરો ભરી રહ્યા છે.

કોર્પોરેશન દ્વારા વેરા ભરવામાં આળસ કરતા મિલકતધારકો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જે મિલકતધારકો વારંવાર વેરા ભરવામાં નિષ્ફળ રહે છે, તેમની મિલકતો સિલ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં 300થી વધુ મિલકતો સીલ કરવામાં આવી છે.

કોર્પોરેશનની હદમાં આવતી સરકારી કચેરીઓ પણ વેરાના બાકીદારોમાં સામેલ છે. ખાસ કરીને રેલવે વિભાગ ઉપર 9 કરોડ રૂપિયાનો વેરો બાકી હતો, જેમાંથી તાજેતરમાં 1.5 કરોડ રૂપિયા ભરવામાં આવ્યા છે. બાકી રહેલ રકમ પણ ટૂંક સમયમાં વસૂલ થશે તેવી આશા છે.

કોર્પોરેશન દ્વારા વેરા વસૂલાતમાં વધુ ગતિ લાવવા માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. વ્યાજ માફીની ખાસ છૂટ, મિલકતો સીલ કરવાની કાર્યવાહી અને બાકી વેરા ભરાવવાના પ્રયાસો દ્વારા પાલિકા તંત્ર લક્ષ્યાંક સુધી પહોંચવાની તૈયારીમાં છે.

જેઓ અત્યાર સુધીમાં વેરો ભરવામાં વિલંબ કરતા હતા, તેઓ માટે 31 માર્ચ 2025 સુધીની મુદત એક સારો અવસર છે. 80% વ્યાજ માફીની છૂટનો લાભ લઈ નાગરિકો અને વેપારીઓ તેમના વેરાની ચૂકવણી કરી શકે છે અને નોંધાયેલા વ્યાજમાંથી બચી શકે છે.

સુગમતા અને કાર્યક્ષમતાના નવા યુગના મંડાણ

# મ.સ.યુનિવર્સિટી દ્વારા ડિજિટલ પ્રમાણપત્ર સેવાનો પ્રારંભ થયો

**ભૂતપૂર્વ** વિદ્યાર્થીઓ અને હિસ્સેદારો માટે આવશ્યક શૈક્ષણિક દસ્તાવેજો મેળવવાની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરશે



(પ્રતિનિધિ) વડોદરા,તા.31

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાએ ડિજિટલ પરિવર્તન તરફ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. યુનિવર્સિટીએ ડિજિટલ પ્રમાણપત્રો જારી કરવા માટે એક નવું ઓનલાઈન પ્લેટફોર્મ લોન્ચ કર્યું છે. MSUના ઈન્ચાર્જ કુલપતિ પ્રો.ડો. ધનેશ પટેલ દ્વારા ઉદ્ઘાટન કરાયેલ આ સેવા, વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હિસ્સેદારો માટે આવશ્યક શૈક્ષણિક દસ્તાવેજો મેળવવાની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરશે.

આ પ્લેટફોર્મ શરૂઆતમાં આઠ પ્રકારના પ્રમાણપત્રો ઓફર કરશે, જેમાં પાસિંગ સર્ટિફિકેટ, એટેમ્પ્ટ સર્ટિફિકેટ, માધ્યમ સર્ટિફિકેટ, રેન્ક સર્ટિફિકેટ, આગામી દીક્ષાંત સમારોહ પ્રમાણપત્ર, સમકક્ષ પ્રમાણપત્ર અને મેડિસિન ફેકલ્ટી માટે બે વિશિષ્ટ પ્રમાણપત્રોનો સમાવેશ થાય છે. દરેક પ્રમાણપત્ર ડિજિટલી સહી થયેલ, સમય-મુદ્રિત અને અનન્ય પ્રમાણપત્ર નંબર અને QR કોડ સાથે હશે, જે તાત્કાલિક ચકાસણીની સુવિધા આપશે, પ્રામાણિકતાની ખાતરી કરશે અને છેતરપિંડી અટકાવશે. આ પહેલ અમારા વિદ્યાર્થીઓ અને હિસ્સેદારોને સુલભ અને કાર્યક્ષમ સેવાઓ પૂરી પાડવાની અમારી પ્રતિબદ્ધતામાં એક મુખ્ય પગલું દર્શાવે છે. પ્રો.ડો.ધનેશ પટેલે જણાવ્યું હતું. ટેકનોલોજીનો લાભ લઈને, અમે પરંપરાગત કાગળ આધારિત પ્રમાણપત્રો સાથે સંકળાયેલા વિલંબ અને અસુવિધાઓને દૂર કરવાનો લક્ષ્ય રાખીએ છીએ. આ ડિજિટલ સિસ્ટમ માત્ર અમારા વપરાશકર્તાઓ માટે પ્રક્રિયાને સરળ બનાવે છે, પણ અમારા શૈક્ષણિક રેકોર્ડ્સની સુરક્ષા અને અખંડિતતાને પણ મજબૂત બનાવે છે.

### ડિજિટલ પ્રમાણપત્રોની હકારાત્મક અસરની સંભાવના

ડિજિટલ પ્રમાણપત્રો તરફના આ પગલાથી યુનિવર્સિટી સમુદાય અને તેનાથી આગળ નોંધપાત્ર હકારાત્મક અસર થવાની સંભાવના છે :

**વધુ સુગમતાઃ** વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વિશ્વમાં ગમે ત્યાંથી પ્રમાણપત્રો માટે અરજી કરી અને પ્રાપ્ત કરી શકશે, જે ભૂગોળીય અવરોધોને દૂર કરે છે.

**વધુ કાર્યક્ષમતાઃ** ઓનલાઇન સિસ્ટમ સમગ્ર પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરે છે, જે પ્રક્રણ સમય અને વહીવટની બોજા નોંધપાત્ર રીતે ઘટાડે છે.

**સુધારેલી સુરક્ષાઃ** અનન્ય ઓળખપત્રો અને QR કોડવાળા ડિજિટલ પ્રમાણપત્રો વધુ સુરક્ષા સુવિધાઓ પ્રદાન કરે છે અને છેતરપિંડી અટકાવે છે.

**પર્યાવરણની વ્યવસ્થાઃ** કાગળથી ડિજિટલ પ્રમાણપત્રો તરફનો આ ફેરફાર યુનિવર્સિટીના ટકાઉપણાની પ્રતિબદ્ધતાને અનુરૂપ છે, કારણ કે તે કાગળના ઉપયોગને ઘટાડે છે.

વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નવા ડિજિટલ પ્રમાણપત્ર સેવા માટે યુનિવર્સિટીના વેબસાઇટ દ્વારા પ્રવેશ મેળવી શકે છે.